**ચાલુ બાબત, વર્ષ ૨૦૨૪-૨૫**

રાજ્યના ખેડૂત દ્વારા ખરીદવામાં આવતાં સ્માર્ટફોન પર સહાય આપવાની યોજના

**ગુજરાત સરકાર,**

**કૃષિ, ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગ,**

**ઠરાવ ક્રમાંક :- ACD/KMT/e-file/2/2024/0659/K5**

**સચિવાલય, ગાંધીનગર**

**તા.૦૪/૦૩/૨૦૨૪**

**વંચાણે લીધા :**

(૧) કૃષિ, ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગનો તા.૦૬/૦૫/૨૦૨૩ નો ઠરાવ ક્રમાંક: ACD/KPS/e-file/2/2022/2366/K5.

(૨) ખેતી નિયામકની કચેરીનો પત્ર ક્રમાંક :- ઈકોસ્ટેટ/આઈ.ટી./સ્માર્ટ ફોન/વહીવટી મંજૂરી/૮૮૦-૮૧/૨૦૨૪, તા.૧૪/૦૨/૨૦૨૪.

**આમુખ :**

કૃષિ ક્ષેત્રે ડિજિટલ સેવાનો વ્યાપ દિવસે ને દિવસે વધી રહ્યો છે. કૃષિ ક્ષેત્રે ડગલે ને પગલે ખેડૂતો આઇ.ટી. ટેકનોલોજીનાં ઉપયોગ થકી નવી ખેત ઉપયોગી અદ્યતન તકનીકો અપનાવી પોતાની આવકમાં વધારો મેળવતા થયેલ છે. જેમાં ખેડૂતો દ્વારા હવામાન ખાતાની આગાહી, વરસાદની આગાહી, સંભવિત રોગ જીવાત ઉપદ્રવની માહિતી, ખેડૂત ઉપયોગી પ્રકાશનો, નવીનતમ ખેત પદ્ધતિ, રોગ-જિવાત નિયંત્રણની તકનીકી, ખેતીવાડી ખાતાની સહાય યોજનાઓની માહિતી મેળવવા તથા ખેતીવાડી ખાતાની યોજનાઓમાં સહાય મેળવવા ઓનલાઇન અરજી કરવા વિગેરે જેવી બાબતો માટે સ્માર્ટફોનનો ઉપયોગ કરવામાં આવી રહેલ છે. સ્માર્ટફોન વપરાશકારનાં હાથમાં આસાનીથી રહી શકે, ફોટોગ્રાફ્સ, ઇ-મેઇલ, ટેક્સ્ટ તથા મલ્ટીમીડિયા જેવા મેસેજની આપલે થઇ શકે. ડિજિટલ કેમેરા, મલ્ટીમીડિયા પ્લેયર, જી.પી.એસ., ટચ સ્ક્રીન, વેબ બ્રાઉઝર, ઇન્ટરનેટ કનેક્ટિવિટી વિગેરે જેવી સુવિધા સાથેનો સ્માર્ટ મોબાઇલ ફોન ખરીદે તથા રાજ્યનાં ખેડૂતો સ્માર્ટફોન થકી ટેકનોલોજીનો ઉપયોગ કરી શકે તે હેતુસર રાજ્યનાં ખેડૂતોને સ્માર્ટફોનની ખરીદી પર સહાય આપવા માટેની યોજનાને સને ૨૦૨૩-૨૪માં ચાલુ બાબત તરીકે ઉક્ત વંચાણે લીધેલ ક્રમાંક (૧) પરના ઠરાવથી વહીવટી મંજૂરી આપવામાં આવેલ તેમજ ઉક્ત વંચાણે લીધેલ ક્રમાંક (૨) પરની ખેતી નિયામકશ્રીની દરખાસ્ત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

**ઠરાવ:**

પુખ્ત વિચારણાને અંતે, રાજ્યના ખેડૂત દ્વારા ખરીદવામાં આવતાં સ્માર્ટફોન પર સહાય આપવાની યોજનાને વર્ષ૨૦૨૪-૨૫ માં ચાલુ રાખવા **રૂ.૧૨.૦૦ કરોડ (રૂ.૧૨૦૦.૦૦ લાખ)**નો ખર્ચ કરવાની વહીવટી મંજૂરી આપવાનું આથી ઠરાવવામાં આવે છે.

**(૧) યોજનાની સહાય બાબત:**

ખેડૂત દ્વારા ખરીદવામાં આવતા સ્માર્ટફોન પર સહાય આપવાની યોજના અન્વયે ખેડૂતને એક સ્માર્ટફોનની ખરીદી કર્યેથી રૂ.૧૫૦૦૦/- સુધીની કિંમત પર સહાય મળવાપાત્ર રહેશે. જેમાં ખેડૂતને સ્માર્ટફોનની ખરીદ કિંમતના ૪૦% સહાય અથવા રૂ.૬૦૦૦/- બે માંથી જે ઓછુ હોય તે સહાય મળવાપાત્ર રહેશે. દા.ત. કોઈ ખેડૂત રૂ.૮૦૦૦/- ની કિંમતનો સ્માર્ટફોન ખરીદ કરે તો ખરીદ કિંમતનાં ૪૦% મુજબના રૂ.૩૨૦૦/- અથવા રૂ.૬૦૦૦/- બે માંથી જે ઓછુ હોય તે એટલે કે રૂ.૩૨૦૦/-

સહાય મળવાપાત્ર થાય અને જો કોઈ ખેડૂત રૂ.૧૬૦૦૦/- ની કિમતનો સ્માર્ટફોન ખરીદ કરે તો ખરીદ કિમતના ૪૦% લેખે રૂ.૬૪૦૦/- અથવા રૂ.૬૦૦૦/- બે માંથી જે ઓછુ હોય તે એટલે કે રૂ.૬૦૦૦/- સહાય મળવાપાત્ર થાય. **પ્રસ્તુત યોજના હેઠળ આજીવન એક વખત સહાય મળવાપાત્ર રહેશે.**

આ સહાય ફકત સ્માર્ટફોનની ખરીદી માટે જ રહેશે, સ્માર્ટફોન માટેની અન્ય એસેસરીઝ જેવી કે બેટરીબેક અપ ડીવાઇઝ, ઇયર ફોન, ચાર્જર વગેરે જેવા સાધનોનો સમાવેશ થઇ શકશે નહીં.

**(૨) લાભાર્થીની પાત્રતા :**

આ યોજનાનો લાભ રાજયમાં જમીન ધારણ કરતાં તમામ ખેડૂતોને મળવાપાત્ર રહેશે. આ યોજના હેઠળ ખાતેદાર ખેડૂત એક કરતા વધુ ખાતા ધરાવતા હશે તો પણ એક જ વાર સહાય મળવાપાત્ર થશે. સંયુક્ત ખાતાના કિસ્સામાં ખેડૂતોને તેઓની જમીનના ૮-અ માં દર્શાવેલ ખાતેદારો પૈકી એક જ ખાતેદારને લાભ મળવાપાત્ર રહેશે.

**(૩) લાભાર્થીએ અરજી કરવાની પદ્ધતિ :**

i-Khedut પોર્ટલ પર સ્માર્ટફોન ખરીદી હેઠળ સહાય મેળવવા માટે ઓનલાઇન વહેલા તે પહેલાના ધોરણે અરજી કરવાની રહેશે અને અરજીની પ્રિન્ટ આઉટ મેળવી, અરજદાર ખેડૂતે પોતાની પાસે જ રાખવાની રહેશે.

**(૪) અરજીઓની ચકાસણી અને પાત્રતા નકકી કરવાની કાર્ય પદ્ધતિ:**

અરજદાર તરફથી i-khedut પોર્ટલ પર મળેલ અરજી સંબંધિત વિસ્તરણ અધિકારી(ખેતી)/તાલુકા અમલીકરણ અધિકારીશ્રી દ્વારા નિયમિત ચકાસણી કરી અરજીની પાત્રતા/બિનપાત્રતા નકકી કરી i-Khedut પોર્ટલમાં પોતાના લોગ ઇન એકાઉન્ટમાંથી યોજના હેઠળની અરજીઓનું પાત્રતા/બિનપાત્રતા સ્ટેટસ નિયમિત અપડેટ કરવાનું રહેશે. સંજોગોવશાત પાત્રતાના સ્ટેટસમાં ફેરફાર કરવાનો થાય તો દિન-૧૫માં જિલ્લા ખેતીવાડી અધિકારીની મંજૂરીથી કરી શકાશે. જિલ્લા ખેતીવાડી અધિકારીશ્રીએ આવા ફેરફાર મંજૂરીના કારણો નોંધવાના રહેશે.

**(૫) અરજીઓની મંજૂરી અને સહાય ચૂકવણી અંગેની કાર્યપદ્ધતિ :**

(ક) ચાલુ વર્ષે ખેતી નિયામકશ્રી દ્વારા નિયત થયેલ સમય પત્રક મુજબ આ યોજના હેઠળ આઇ- ખેડૂત પોર્ટલ ઉપર અરજીઓ મેળવવાની રહેશે. નિયત કરેલ લક્ષ્યાંક મુજબ લાભાર્થીની સંખ્યા જિલ્લા વાર પ્રો-રેટા બેઝિઝ ઉપર ખેતી નિયામકશ્રી દ્વારા ફાળવી આપ્યા પછી દરેક જિલ્લાને ફાળવેલ લક્ષ્યાંક જેટલી જ અરજીઓ વહેલા તે પહેલાના ધોરણે મેળવવાની રહેશે તથા તેની નિયમાનુસાર લક્ષ્યાંકની મર્યાદામાં વહેલા તે પહેલાના ધોરણે પૂર્વ મંજૂરી આપવાની કામગીરી નિયમિત ધોરણે કરવાની રહેશે. નિયત સમય મર્યાદામાં મળેલ કુલ પાત્રતા ધરાવતી અરજીઓની સંખ્યા જે તે જિલ્લામાં ફાળવેલ લક્ષ્યાંક કરતા ઓછી હોય તો ખેતી નિયામક દ્વારા જરૂરિયાત મુજબ આઇ ખેડૂત પોર્ટલની મુદત વધારવા કાર્યવાહી કરવાની રહેશે.

(ખ) લક્ષ્યાંકની મર્યાદામાં મળેલ પાત્રતા ધરાવતી અરજીઓને તાલુકા અમલીકરણ અધિકારીએ મંજૂર કરી સબંધિત અરજદારને પૂર્વ મંજૂરી પત્ર આપવાના રહેશે.

(ગ) I-Khedut પોર્ટલમાં મંજૂર કરનાર અધિકારી/કર્મચારીના લોગઇન એકાઉન્ટમાં અરજી મંજૂર કર્યાની ઓનલાઇન નોંધણી કરવાની રહેશે અને યોજના હેઠળના ઘટક માટે મંજૂર કરાયેલ અરજીની સબંધિત અરજદારને તેઓના સરનામે લેખીત/ઉપરાંત જયાં શક્ય હોય ત્યાં એસએમએસ (sms)/ઇ-મેઇલ/અન્ય વ્યવસ્થાથી પણ જાણ કરવાની રહેશે.

(ઘ) પસંદ થયેલ લાભાર્થીઓનએ પૂર્વ મંજૂરીના આદેશની તારીખથી દિન.૩૦ માં સ્માર્ટફોન ખરીદવાનો

રહેશે.

(ચ) નિયત સમયમાં સ્માર્ટફોનની ખરીદી કર્યા બાદ અરજદાર ખેડૂતે સહી કરેલ અરજીની પ્રિંટઆઉટ સાથે નીચે મુજબના સાધનિક પુરાવા ગ્રામસેવક/વિસ્તરણ અધિકારી/તાલુકા અમલીકરણ અધિકારીને રજૂ કરવાના રહેશે.

**(i) અનુ. જાતિ / અનુ. જનજાતિનું પ્રમાણપત્ર (લાગુ પડતું હોય તો)**

(ii) ૮-અ ની નકલ

(iii) **બેંક પાસબુકની નકલ** અથવા રદ કરેલ ચેક

**(iv) દિવ્યાંગનું પ્રમાણપત્રની નકલ (લાગુ પડતું હોય તો)**

(v) આધાર કાર્ડની નકલ

(vi) સ્માર્ટફોન ખરીદી કરેલ હોવા અંગેનું GST નંબર ધરાવતું અસલ બીલ

(vii) મોબાઈલનો IMEI નંબર

**(છ) અરજદાર દ્વારા i-khedut પોર્ટલ પર કરવામાં આવેલ અરજીમાં આપેલ કોઈ પણ વિગતો ખોટી જણાશે તો, પૂર્વ મંજુરી આધારીત ખરીદ પ્રક્રિયા પૂર્ણ કરેલ હોવા છતાં અરજદારની અરજી રદ ગણવામાં આવશે અને સહાય મળવાપાત્ર રહેશે નહી. આ અંગે અરજદારનો હક્ક- દાવો રહેશે નહી.**

(જ) સંબંધિત કચેરીએ સાધનિક પુરાવ સહ અરજી મળ્યેથી જરૂરી ચકાસણી કરી I-Khedut પોર્ટલ પર અરજીનું સ્ટેટસ અપડેટ કરવાનું રહેશે. ત્યારબાદ અરજદાર ખેડૂત દ્વારા ખરીદવામાં આવેલ સ્માર્ટફોન પર સહાયની રકમનું અરજદાર ખેડૂતને ચુકવણું કરવા સારૂ ખેતીવાડી ખાતાના સક્ષમ અધિકારીએ ચુકવણા હુકમ સાથેની દરખાસ્ત તૈયાર કરી ચુકવણાં અર્થે સંબંધિત જિલ્લાકક્ષાના જિલ્લા ખેતીવાડી અધિકારીશ્રીને મોકલી આપવાની રહેશે.

(ટ) સંબંધિત સક્ષમ અધિકારી તરફથી ચુકવણા દરખાસ્ત રજુ થયેથી જિલ્લા ખેતીવાડી અધિકારીશ્રીએ જિલ્લા પંચાયતના હિસાબી અધિકારી મારફત ચુકવણા દરખાસ્તમાં સમાવિષ્ટ લાભાર્થી ખેડૂતના બેંક એકાઉન્ટમાં સહાયની રકમ ECS (Electronic Clearance Service)/ RTGS (Real Time Gross Settlement)/ NEFT/ PFMS મારફત સહાય ચુકવણી કરવાની રહેશે.

**(૬) સામાન્ય શરતો અને બોલીઓ:**

(૧) આ યોજનાનો અમલ રાજયના તમામ જિલ્લાઓમાં કરવાનો રહેશે.

(૨) મંજુર થયેલ બજેટ જોગવાઇ મુજબ જિલ્લાવાર પ્રો-રેટા બેઝિઝ ઉપર ખેતી નિયામકશ્રીએ લક્ષ્યાંક ફાળવવાના રહેશે. આ યોજનાનાં નિયંત્રણ અધિકારી ખેતી નિયામકશ્રી રહેશે.

(૩) આ યોજના ઘટક માટે જિલ્લા ખેતીવાડી અધિકારી અમલીકરણ અધિકારી રહેશે.

(૪) આ યોજનાનો લાભ મેળવવા આઈ-ખેડૂત પોર્ટલ પર અરજી કરવાની રહેશે.

(૫) તાલુકા અમલીકરણ અધિકારીએ ગામ વાઈઝ ઘટકનું નામ, લાભાર્થીનુ નામ, ખાતા નંબર, સ્માર્ટફોનની કિંમત સહાયની રકમ, લાભ આપ્યાનું વર્ષ વગેરે વિગતો ધરાવતું રજિસ્ટર નિભાવવાનું રહેશે.

(૬) આ યોજનાની સહાયની રકમ સીધી લાભાર્થીના ખાતામાં જમા કરાવવાની રહેશે. તેમજ અરજી કરવાની, સહાય ચુકવણી અને કામગીરી કરવા માટે અરજી ફોર્મ/પ્રમાણપત્ર વિગેરે ખેતી નિયામકશ્રીએ નિયત કરવાના રહેશે.

(૭) આ યોજનાના અમલીકરણની બાબતમાં કોઇ મુદ્દો ઉપસ્થિત થાય તો ખેતી નિયામકશ્રીનો સંપર્ક કરવાનો રહેશે.

(૮) જિલ્લા ખેતીવાડી અધિકારીશ્રીએ તાલુકાવાર લક્ષ્યાંક ફાળવણી કરવાની રહેશે.

(૯) આ યોજનાની ગ્રાન્ટ ખેતી નિયામકશ્રીએ સહાયના ચુકવણા માટે જિલ્લા ખેતીવાડી અધિકારીશ્રીને, DDO–PLA એકાઉન્ટમાં ફાળવવાની રહેશે તેમજ ચુકવણું જિલ્લાકક્ષાએથી જ કરવાનું રહેશે. (તાલુકાકક્ષાએ PLA માં ગ્રાન્ટ ફાળવી શકાશે નહિ)

(૧૦) સંબંધિત જિલ્લા ખેતીવાડી અધિકારીશ્રીએ ગ્રાન્ટ વપરાશના પ્રમાણપત્રો (યુટીસી) નિયત નમૂનામાં ખેતી નિયામકશ્રી, ગાંધીનગરને સમયસર મોકલવાના રહેશે. તેમજ સબસિડી સહિત થનાર ખર્ચના વિગતવાર હિસાબો તથા ઓડિટને લગતી તમામ કામગીરી કરવાની રહેશે.

(૧૧) ચૂકવણા અંગેની નિયત પદ્ધતિ મુજબ સહાયની રકમ જિલ્લા ખેતીવાડી અધિકારીશ્રીએ ECS (Electronic Clearance Service)/ RTGS (Real Time Gross Settlement)/PFMS થી લાભાર્થીના ખાતામાં જમા કરવાની રહેશે

(૧૨) સમયાંતરે જરૂરીયાત અનુસાર કરવામાં આવતા ફેરફારો કે માર્ગદર્શક સુચનાઓ ઘટકના અમલીકરણ માટે પણ લાગુ રહેશે.

(૧૩) યોજનાના અમલીકરણ બાબતમાં કોઇ પ્રશ્ન ઉપસ્થિત થાય તો અર્થઘટન/તાંત્રિક બાબતો અંગેનો આખરી નિર્ણય ખેતી નિયામકશ્રી કરી શકશે.

(૧૪) આ યોજનાના અમલીકરણ માટે આઇ-ખેડૂત પોર્ટલ પર અરજીપત્રક અને તેને આનુષંગિક પત્રકો ખેતી નિયામકશ્રીએ નિયત કરવાના રહેશે.

(૧૫) આ મંજૂરી અન્વયે કરવાનો થતો ખર્ચ જે તે વર્ષની અંદાજપત્રીય જોગવાઈને આધીન અને નાણાં વિભાગ દ્વારા વખતોવખત ફાળવવામાં આવતી ગ્રાંટની મર્યાદામાં કરવાનો રહેશે.

(૧૬) પ્રસ્તુત કામ માટે પ્રવર્તમાન નિયમોને આધીન ચાલુ તથા આગામી નાણાકીય વર્ષમાં પર્યાપ્ત અંદાજપત્રીય જોગવાઈ કરાવી લેવાની રહેશે.

(૧૭) આ અંગેનું ખર્ચ રાજય સરકારના સ્થાયી તેમજ વખતો-વખત લાગુ પડતા ઠરાવો/પરિપત્રો અને નિયમોની જોગવાઈઓ મુજબ નિયત પદ્ધતિથી કરવાનું રહેશે.

(૧૮) આ મંજૂરી અંગે કરવાના થતા ખર્ચ અંગે નાણાકીય ઔચિત્યના સિંદ્ધાતોનો અમલ કરવાનો રહેશે.

(૧૯) આ મંજૂરી અન્વયે ફાળવેલ ગ્રાંટનો અન્ય હેતુ માટે ઉપયોગ કરી શકાશે નહી. બચત રહેતી રકમ વર્ષ આખરે સરન્ડર કરવાની રહેશે.

(૨૦) યોજના હેઠળ નિયત કરવામાં આવેલ શરતોનું ચૂસ્તપણે પાલન કરવાનું રહેશે.

(૨૧) આ યોજનાનું અમલીકરણ DBT (Direct Benefit Transfer) પદ્ધતી મારફત કરવાનું હોય, આ અંગે નાણા વિભાગના તા.૨૯/૦૯/૨૦૨૧ના ઠરાવ ક્રમાંક:MIS/10/2014/0175/Nની જોગવાઈઓનું પાલન કરવાનું રહેશે.

(૨૨) યોજનાના લાભ માટે દર્શાવેલ સ્માર્ટફોનના બીલની ખરાઇ માટે **બીલમાં** સ્માર્ટફોન વેચનાર એજન્સીના **GST No. તેમજ મોબાઇલનો IMEI નંબર** દર્શાવેલ હોવો જોઇએ.

(૨૩) સદર સહાય ફકત સ્માર્ટફોનની ખરીદી માટે જ રહેશે, સ્માર્ટફોન માટેની અન્ય એસેસરીઝ જેવી કે બેટરીબેક અપ ડીવાઇઝ, ઇયર ફોન, ચાર્જર વગેરે જેવા સાધનોનો સમાવેશ થઇ શકશે નહીં.

(૨૪) યોજનાના અમલીકરણની તારીખ બાદ પ્રસ્તાવિત નિયત સમયમર્યાદામાં સ્માર્ટફોન ખરીદીનું બીલ રજુ કરવાનું રહેશે.

(૨૫) પ્રસ્તુત યોજના અંતર્ગત વર્ષ ૨૦૨૪-૨૫ની બજેટ જોગવાઈને આધીન રહીને જ, નાણા વિભાગ દ્વારા વખતો વખત ફાળવવામાં આવતી ગ્રાંટની મર્યાદામાં ખર્ચ કરવાનો રહેશે. પ્રસ્તુત યોજનામાં જે હેતુ માટે બજેટ જોગવાઈ કરવામાં આવી છે તે હેતુ કે યોજના માટે જ ખર્ચ કરવાનો રહેશે અન્ય હેતુઓ માટે ખર્ચ કરી શકાશે નહી. વર્ષના અંતે આ યોજના અંતર્ગત બચત રહેતી રકમ, નિયત સમયમર્યાદામાં પરત કરવાની રહેશે.

(૨૬) પ્રસ્તુત યોજના અંગેનો ખર્ચ સરકારશ્રી દ્વારા વખતોવખત નક્કી કરવામાં આવેલ જોગવાઈઓ અને

લાગુ પડતા ધારાધોરણને આધિન નિયત પધ્ધતિથી કરવાનું રહેશે તેમજ યોજનાઓની નિયત થયેલ શરતોનું પાલન કરવાનું રહેશે.

(૨૭) પ્રસ્તુત કામે ટેન્ડર પ્રોસેસીંગ બાબતમાં ઉદ્યોગ અને ખાણ વિભાગના ઠરાવ ક્રમાંક: એસપીઓ–૧૦૨૦૦૫ ૧૪૦૭–૨, તા.૨૨/૧૧/૨૦૦૬ અન્વયે "ઈ" ટેન્ડરીંગ બાબતમાં કરવામાં આવેલ જોગવાઇઓની સૂચનાઓનું ચૂસ્તપણે પાલન કરવાનું રહેશે. આમ, આ મંજૂરી અન્વયે જો કોઈ પણ વસ્તુની ખરીદી કરવાની હોય તો તે સરકારશ્રીના પ્રવર્તમાન ધારાધોરણો અને નિયમોનુસાર કરવાની રહેશે.

(૨૮) પ્રસ્તુત યોજના હેઠળ જગ્યાઓની મંજુરી મેળવવાની થતી હોય તો તે માટે અલગથી મંજુરી માટે દરખાસ્ત કરવાની રહેશે.

(૨૯) પ્રસ્તુત યોજના હેઠળ ખોલાવેલ ખાતામાં રાજય સરકારશ્રી દ્વારા મળનાર ગ્રાન્ટ જમા કરવાથી ઉક્ત ખાતામાં વ્યાજ સહિત અન્ય તમામ પ્રકારની જે પણ આવક થાય તે તમામ આવક રાજ્ય સરકારશ્રી દ્વારા ફાળવવામાં આવતી ગ્રાંટનો જ હિસ્સો ગણવામાં આવશે.

(૩૦) બાંધકામના કામોની દરખાસ્તોની મંજૂરી માટે તાત્કાલિક પ્રવર્તમાન S.O.R. મુજબ નકશા–અંદાજો તૈયાર કરી સક્ષમ સત્તાધિકારીની તાંત્રિક મંજૂરી મેળવવાની રહેશે.

(૩૧) બાંધકામના કામોમાં PWD મેન્યુઅલની જોગવાઈઓનું પાલન કરવાનું રહેશે.

(૩૨) સૂચિત કામો પૈકી જે કામો MNREGA હેઠળ આવરી લેવાય તેમ હોય તેવા કામોનો MNREGA યોજના હેઠળ ઉધારવામાં આવે તે અંગેની તકેદારી રાખવાની રહેશે.

(૩૩) આ કામ માટે જમીન સંપાદન કરવાની જરૂરીયાત હોય તેવા સંજોગોમાં જમીન સંપાદન અંગેની કાર્યવાહી સત્વરે પૂર્ણ કરાવી લેવાની રહેશે અને જમીન સંપાદન અંગેની કામગીરી પૂર્ણ કર્યા બાદ વર્ક ઓર્ડર આપવાના રહેશે.

(૩૪) રેલ્વે, વન અને પર્યાવરણ વિભાગ, પ્રદૂષણ નિયંત્રણ બોર્ડની મંજૂરી કે જમીન સંપાદનની આવશ્યકતા જણાતી હોય તો આવી મંજૂરી સમયસર મેળવી લેવાની રહેશે. આવા જરૂરી કલીયરન્સ મેળવવામાં જો વિલંબ થવાનું જણાય તો વર્કઓર્ડર આપતાં પહેલાં જરૂરી ચોકસાઈ કરી લેવાની રહેશે.

(૩૫) આ કામની ડિઝાઈન તૈયાર કરતી વખતે અને યોજનાનાં અમલીકરણમાં સુરક્ષા અંગેના ધોરણો અને ગુજરાત સ્ટેટ ડીઝાસ્ટર મેનેજમેન્ટ એજન્સીની માર્ગદર્શક સૂચનાઓનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે

(૩૬) મંજૂર થયેલ અંદાજોમાં કોઈ ફેરફાર થાય તો તે અંગેની સુધારેલી વહીવટી મંજૂરી સમયસર મેળવી લેવાની રહેશે.

(૩૭) બાંધકામ અંગેની કામગીરી સંદર્ભે સરકારશ્રીની મંજૂરીથી જો કોઇ અલાયદા એકમને બાંધકામની જવાબદારી સોંપવામાં આવી હોય તે સિવાયના બાંધકામના તમામ કિસ્સાઓમાં રાજય સરકારના માર્ગ અને મકાન વિભાગ મારફત જ કામગીરી કરાવવાની રહેશે.

(૩૮) આ યોજના હેઠળ નિયત થયેલ લાભાર્થીઓની મર્યાદામાં જ તેમજ અંદાજપત્રિય જોગવાઈની મર્યાદામાં જ સહાય ચુકવવાની રહેશે. કોઈપણ સંજોગોમાં આ યોજના હેઠળ નિયત નાણાકિય મર્યાદા અને લાભાર્થીની સંખ્યા વધે નહીં તે મુજબનું આયોજન કરવાની તકેદારી રાખવાની રહેશે.

(૩૯) આ યોજનાનો અમલ ખેતી નિયામકશ્રી મારફતે કરવાનો રહેશે.

(૪૦) પારદર્શક પ્રક્રિયા અનુસરી લાભાર્થીની પસંદગી કરવાની રહેશે.

(૪૧) ઓનલાઇન અરજી કરવાનું અને મંજૂરી આપવાનું પ્રાવધાન રાખવાનું રહેશે.

(૪૨) C.M Dash Board સાથે યોજના Link કરવાની રહેશે.

(૪૩) યોજનાના મોનીટરીંગની યોગ્ય વ્યવસ્થા કરવાની રહેશે.

(૪૪) Social Audit અને Third Party Verification પણ સમયાંતરે કરાવી સરકારશ્રીને રજુ કરવાનું રહેશે.

(૪૫) પ્રવર્તમાન યોજનાના નોર્મ્સ અને સહાયની રકમોમાં જો ફેરફાર કરવાનો થતો હોય તો તે અંગે રાજય સરકારના આદેશો મેળવી લેવાના રહેશે.

(૪૬) સદર વહીવટી મંજુરી અન્વયે સતત ત્રણ વર્ષ સુધી ખર્ચ ન થાય તો આ વહીવટી મંજુરી આપોઆપ રદ ગણાશે.

(૪૭) સાધન અથવા કીટ આપવાના કિસ્સામાં ખરીદી ગવર્નમેન્ટ ઇ-માર્કેટપ્લેસ (GeM) પોર્ટલ મારફતે કરવા તેમજ ખરીદ પધ્ધતિ મુજબની ખરીદી માટેની સુચનાઓનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે. તથા તે મુજબ ખરીદી કરવાની રહેશે. પરંતુ જે વસ્તુઓ GeM Portal પર ઉપલબ્ધ ન હોય એવી વસ્તુઓની ખરીદી માટે ઉદ્યોગ અને ખાણ વિભાગના તા.૦૧/૧૦/૨૦૧૮ ના ઠરાવ મુજબ ઉદ્યોગ અને ખાણ વિભાગ પાસેથી ના વાંધા પ્રમાણ પત્ર (No Objection Certificate) મેળવ્યા પછી જ ખરીદી કરવાની રહેશે.ત્યારબાદ વખતો વખત થયેલ સુધારાઓનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે. સાધન/કીટની ગુણવતા સુનિશ્ચિત કરવાની રહેશે.

(૪૮) યોજનાકીય મેનપાવરની મર્યાદામાં જ ખર્ચ કરવાનો રહેશે.

(૪૯) નાણાકિય સહાય નિયત કરેલ સમયાંતરે DBT પધ્ધતિથી જ આપવાની રહેશે.

(૫૦) આ યોજનાને DBT Portal ઉપર ફરજીયાત નોંધવાની રહેશે.

**(૫૧) પ્રસ્તુત યોજના અંગેનો ખર્ચ તા.૦૧/૦૪/૨૦૨૪ થી કરવાનો રહેશે.**

આ અંગેનું ખર્ચ નીચેના બજેટ સદરે ઉધારવાનો રહેશે.

| અ.નં | બજેટ સદર | બજેટ જોગવાઈની રકમ |
|---|---|---|
| ૧. | માંગણી નંબર : ૦૨<br>મુખ્ય સદર : ૨૪૦૧ પાક કૃષિ વ્યવસ્થા.<br>ગૌણ સદર : ૧૦૫ ખાતર અને રાસાયણિક ખાતર પેટા<br>સદર : ૨૯ અનુસૂચિત જાતિ અને જન જાતિ સિવાયના ખેડૂતોને માટે કૃષિ સહાયક કાર્યક્રમ | **રૂ.૧૨.૦૦ કરોડ**<br>**(રૂ.૧૨૦૦.૦૦ લાખ)** |

આ હુકમો સરખા ક્રમાંકની ફાઈલ પર નાણા સલાહકારશ્રી(કૃષિ)ની તા.૨૦/૦૨/૨૦૨૪ અને અ.મુ.સ.શ્રી(કૃષિ)ની તા.૨૧/૦૨/૨૦૨૪ ની નોંધથી મળેલ મંજૂરી અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(આશિષ પટેલ)
સેકશન અધિકારી
કૃષિ, ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગ

**નકલ રવાના:**

(૦૧) માન.મંત્રીશ્રી(કૃષિ)ના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય,ગાંધીનગર.

(૦૨) માન. રા.ક.મંત્રીશ્રી(કૃષિ)ના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૨, સચિવાલય,ગાંધીનગર.

(૦૩) અધિક મુખ્ય સચિવશ્રી, પંચાયત, ગ્રા.ગૃ.નિ અને ગ્રા.વિ.વિભાગ, સચિવાલય,ગાંધીનગર.

(૦૪) અધિક મુખ્ય સચિવશ્રી(કૃષિ)ના રહસ્ય સચિવશ્રી, કૃષિ, ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગ, સચિવાલય,ગાંધીનગર.

(૦૫) અગ્ર સચિવશ્રી, નાણા વિભાગ, સચિવાલય,ગાંધીનગર.

(૦૬) ખેતી નિયામકશ્રી, ગુજરાત રાજ્ય, ગાંધીનગર.

(૦૭) બાગાયત નિયામકશ્રી, ગુજરાત રાજ્ય, ગાંધીનગર.

(૦૮) ઉપ મહાલેખાકારશ્રી (ઇએસ-૧) એકાઉન્ટન્ટ જનરલ, અમદાવાદ (ઇ એન્ડ આર એસ ઓડિટ) ગુજરાત, ત્રીજો માળ, ઓડિટ ભવન, અમદાવાદ.

(૦૯) નિયામકશ્રી, ગુજરાત રાજ્ય બીજ પ્રમાણન એજન્સી, અમદાવાદ. (ખેતી નિયામકશ્રી મારફત)

(૧૦) મેનેજીંગ ડીરેક્ટરશ્રી, ગુજરાત રાજ્ય બીજ નિગમ લી., ગાંધીનગર. (ખેતી નિયામકશ્રી મારફત)

(૧૧) તમામ જિલ્લા વિકાસ અધિકારીશ્રી, ખેતી નિયામકશ્રી, ગુ.રા., મારફત

(૧૨) તમામ સંયુક્ત ખેતી નિયામકશ્રી (વિસ્તરણ), ખેતી નિયામકશ્રી, ગુ.રા., મારફત

(૧૩) તમામ જિલ્લા ખેતીવાડી અધિકારીશ્રી, ખેતી નિયામકશ્રી, ગુ.રા., મારફત

(૧૪) તમામ જિલ્લા તિજોરી અધિકારીશ્રી, ખેતી નિયામકશ્રી, ગુ.રા., મારફત

(૧૫) સેક્શન અધિકારીશ્રી બ-૧, નાણા શાખા, કૃષિ, ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગ, સચિવાલય, ગાંધીનગર.

(૧૬) સેક્શન અધિકારીશ્રી, આઇ.ટી.શાખા, કૃષિ,ખેડૂત કલ્યાણ અને સહકાર ભાગ, સચિવાલય, ગાંધીનગર, સદર ઠરાવને વેબસાઇટ પર અપલોડ કરવા.

(૧૭) નાયબ સેક્શન અધિકારીશ્રી સિલેક્ટ ફાઇલ-૨૦૨૪.